આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દાતરડી ગામના રહીશ શ્રી ભરતભાઈ બાવભાઈ ગુજરીયાએ તેમના પિતા નામે સ્વ.શ્રી બાવભાઈ રાણાભાઈ ગુજરીયાનું મરણ તા.૦૮-૦૩-૧૯૯૩ તથા માતા નામે સ્વ.શ્રી નાથીબેન બાવભાઈ ગુજરીયાનું મરણ તા.૦૫-૦૮-૧૯૯૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ આર.એમ.ચૌહાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા મરણ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૨૯-૦૮-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, રાજુલા

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૩૮૧-૨૦૨૩
અરજદાર : શ્રી એભલભાઈ અમરાભાઈ શિયાળ રહે. ચાંચ, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી આર.એમ.ચૌહાણ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના રહીશ શ્રી એભલભાઈ અમરાભાઈ શિયાળે તેમના પુત્ર નામે શ્રી લાલજીભાઈ એભલભાઈ શિયાળનો જન્મ તા.૨૨-૦૫-૨૦૦૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ આર.એમ.ચૌહાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૦૨-૦૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, રાજુલા

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૨૨૯-૨૦૨૩
અરજદાર : શ્રી ભીલ અરજણભાઈ સોંડાભાઈ રહે. દાંતરડી, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી આર.એમ.ચૌહાણ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી દાંતરડી ગ્રામ પંચાયત તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દાંતરડી ગામના રહીશ શ્રી ભીલ અરજણભાઈ સોંડાભાઈએ તેમના પુત્રી નામે શ્રી ભીલ દેવાંગીબેન અરજણભાઈનો જન્મ તા.૦૧-૦૬-૨૦૧૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ આર.એમ.ચૌહાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૨૯-૦૮-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, રાજુલા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૯-૨-૨૦૨૪ ગુરૂવાર

# પાકિસ્તાનની ૯૦ ટકા ખેતી સિંધુ જળ સંધિના મળતાં પાણી પર આધારિત છે

પાકીસ્તાનના પ્રાણ જેવી સિંધુ નદીનાં જળમાં ગમે ત્યારે આગ લાગવાની આશંકા પ્રબળ રહે છે. પાકિસ્તાનમાં પહેલી માર્ચથી ત્રીજી માર્ચ દરમિયાન સિંધુ જળ સંધિ અંગેના કાયમી આયોગની ૧૧૭મી બેઠક મળવાની છે. ભારતનું ૧૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ સિંધુ જળ કમિશનર પ્રદીપકુમાર સકસેનાના વડપણ હેઠળ ૨૮ ફેબ્રુઆરીએ પાકિસ્તાન જઈને પાકિસ્તાન પક્ષના સિંધુ જળ કમિશનર સઈદ મુહમ્મદ મેહર અલી શાહ સાથે બેઠક યોજશે. દસેક વર્ષની લાંબી ચર્ચાવિચારણાને અંતે વર્ષ ૧૯૬૦માં વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ જનરલ અયુબ ખાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ પર હસ્તાક્ષર કરનારો ત્રીજો પક્ષ વિશ્વ બેંક હતો. વિશ્વ બેંકના એ વેળાના ઉપાધ્યક્ષ ડબ્લ્યુ.એ.બી. ઈલિફે પણ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે કેટલાંક યુદ્ધ ખેલાયાં, પણ સિંધુ જળ સંધિ ટકી છે. પાણીના મુદ્દાને આગળ ધરીને બંને દેશો વચ્ચે ભારે વિવાદ સર્જાય એવી મડાગાંઠ ઊભી થઈ નથી. ફરિયાદ નિવારણ માટેના તંત્રની પણ એમાં જોગવાઈ છે. કેટલીક વાર તો હેગ ખાતેની આંતરરાષ્ટ્રીય અદાલતમાં પણ વિવાદ લઈ જવાયો હોય અને જે ચુકાદો આવ્યો હોય એને બંને દેશોએ સ્વીકાર્ય લેખ્યો છે. વડાપ્રધાનો અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદીના સમયગાળામાં આ સંધિ વિશે પુનર્વિચાર કરવા કે એને રદ કરવાના હાકલાદેકારા થયા છે જરૂર, પણ એ માત્ર ચૂંટણીસભાઓ ગજાવવા પૂરતા જ સીમિત રહ્યા છે. મોદીએ તો સત્તારૂઢ થયા પછી વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૯ સહિતનાં વર્ષોમાં સિંધુ જળ સંધિનો વિવાદ ખૂબ ગજાવ્યો હતો. સદ્નસીબે આ વખતે પંજાબમાં વિધાનસભા ચૂંટણી ટાણે સિંધુ જળ સંધિ અંગે પુનર્વિચાર કરવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો નથી.

વર્ષ ૨૦૧૪માં વડા પ્રધાનપદે આરૂઢ થયેલા નરેન્દ્ર મોદી વારંવાર ચૂંટણીસભાઓમાં સિંધુ જળ તો ભારતીય ખેડૂતો માટે છે કે પછી રક્ત અને પાણી એકસાથે વહી ન શકે એટલે કે પાકિસ્તાનના આતંકી અટકચાળા સામે સિંધુ જળ સંધિ તોડીને પાકિસ્તાન તરફ જતાં પાણીને રોકીશું વગેરે ધમકીઓ ઉચ્ચારતા હતા. અગાઉ ડિસેમ્બર, ૨૦૦1 અને જાન્યુઆરી, ૨૦૦૨માં અટલ બિહારી વાજપેયી વડા પ્રધાનપદે હતા ત્યારે સંસદ પર તથા અન્ય આતંકી હુમલા થયા હતા ત્યારે સિંધુ જળ સંધિ તોડી નાખવાની સલાહ એમને સલાહકારોએ આપી હતી. જોકે એ વેળા તેમની સરકારમાં જળ સંસાધન સચિવ તરીકે બાબુભાઈ નવલાવાલા જેવા વિશ્વસ્તરના નિષ્ણાત હતા. એમણે આ સંધિ તોડવા જતાં બકરું કાઢતાં ઊંટ ઘૂસી જવાની ધાસ્તી હોવા બાબત વડા પ્રધાન વાજપેયીને ચેતવ્યા હતા. અને આ વખતની વિધાનસભા ચૂંટણીઓમાંથી સિંધુ જળ સંધિ તોડવા કે તેની સમીક્ષા કરવાનો કે પાણી રોકવાનો મુદ્દો ગાયબ રહ્યો છે. નવલાવાલા ભરૂચના ગુજરાતી છે. મોદી મુખ્ય પ્રધાન બન્યા ત્યારે તેમને પોતાના સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા. એ પછી નરેન્દ્રભાઈ વડા પ્રધાન બન્યા પછી પણ મુખ્ય પ્રધનો આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીનાય એ સલાહકાર રહ્યા.

જળ સંધિની જોગવાઈઓ જોઈએ તો મે, ૧૯૪૮માં નક્કી થયું હતું કે ભારતે પાકિસ્તાનને પાણી આપવા સાટે અમુક રકમ વસૂલ કરવી. ૧૯૫૧માં એ મુદ્દે મડાગાંઠ ઊભી થઈ ત્યારે વિશ્વ બેંક બંને દેશોના સિંચાઈ પ્રકલ્પોને આર્થિક સહાય કરવા માટે તૈયાર થઈ હતી. એ પછી સતત ચાલતી રહેલી મંત્રણાઓને અંતે છેક ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ કરાચીમાં વડા પ્રધાન નેહરુ અને રાષ્ટ્રપતિ અયુબ ખાન વચ્ચે આ સંધિને આખરી ઓપ આપી હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અ સંધિમાં સિંધુ, જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ એમ છ નદીઓનાં જળની વહેંચણી અંગેની જોગવાઈ છે. આ નદીઓ નીકળે તો છે અત્યારના ચીનના તિબેટ પ્રદેશમાંથી અને અફઘાનિસ્તાનના અમુક વિસ્તારમાં પણ અમુક નદી વહે છે, પરંતુ આ સંધિ માત્ર ભારત અને પાકિસ્તાન વચ્ચે જ થયેલી છે. ચીનના તિબેટમાંથી જ નીકળતી બ્રહ્મપુત્ર નદીનાં પાણી વાળી લેવાના અને એના પર ડેમ બંધાવાના ચીની અટકચાળા ભારત અને બંગલાદેશની પાણીની જરૂરિયાતને પ્રતિકૂળ અસર કરે છે. ૧૯૪૭માં બ્રિટિશ ઈન્ડિયાના ભાગલા થયા પછી જળની વહેંચણીનો મુદ્દો સામે આવ્યો હતો. જળ વહેંચણી અંગે થયેલી સમજૂતી મુજબ, પશ્ચિમની નદીઓ સિંધુ, જેલમ અને ચિનાબનાં ૮૦% જળ (૧૩૫ મિલિયન એકર ફીટ) પાકિસ્તાનને ફાળે જાય અને એમાંનાં ૨૦% (૩૩ મિલિયન એકર ફીટ) જળ પર ભારતનો હક રહે. એ સિંચાઈ, ઊર્જા ઉત્પાદન અને પરિવહન માટે વપરાશમાં લઈ શકાય. પૂર્વની સતલજ, રાવી અને બિયાસનાં જળ ભારત જ વાપરી શકે. પશ્ચિમની નદીઓનાં ૩.૬ મિલિયન એકર ફીટ પાણીનો ભારત સંગ્રહ કરી શકે, પરંતુ ભારતે આ માટે જળસંગ્રહ સુવિધા ઊભી નથી કરી એટલે ૨થી ૩ મિલિયન એકર ફીટ પાણી પાકિસ્તાનમાં વહ્યું જાય છે. મોદી ચૂંટણીસભાઓમાં આ પાણીને રોકવાની ગાજવીજ કરતા રહ્યા છે, પરંતુ રોકવા માટે સુવિધા જ ન હોય ત્યાં એને ભારતમાં રોકી રાખવાનું શક્ય જ નથી. ભારત પોતાની બાજુ ડેમ બાંધે કે વીજળી ઉત્પાદન એકમ સ્થાપે ત્યારે પાકિસ્તાન એ સામે વાંધા લે છે જરૂર, પણ એ ઉકેલવા બાબત સિંધુ જળ આયોગ તથા અન્ય મંચની સુવિધા છે.

ઉરી-પુલવામા માં પાકિસ્તાનના આતંકી હુમલા કરવાના અટકચાળા સામે વડા પ્રધાન મોદીએ નદીઓનાં જળ રોકવાની ધમકી ઉચ્ચારી હતી. ૨૦૧૬ના ઉરી હુમલામાં ૧૯ જવાનો શહીદ થયા હતા, જ્યારે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના પુલવામા આતંકી હુમલામાં ૪૦ જેટલા સીઆરપીએફના જવાનો શહીદ થતાં ભારત દ્વારા ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બાલાકોટ એર સ્ટ્રાઈક કરવામાં આવી હતી. ભારત-પાકના તંગ સંબંધો વચ્ચે પણ પાણી બંધ કરવાના શસ્ત્રનો ઉપયોગ કરવાનું ન તો શક્ય છે અથવા તો ન ભારત પાસે એ માટે પૂરતી જળસંગ્રહણ ક્ષમતા ઉપલબ્ધ છે. પાકિસ્તાનની ૯૦% ખેતી સિંધુ જળ સંધિ હેઠળ તેને મળતાં પાણી પર આધારિત છે. તિબેટના માનસરોવર પાસેના રક્ષાસ્થલ સરોવરમાંથી નીકળતી સતલજ નદી હિમાલયમાં થઈને ૧,૫૫૦ કિલોમીટર સુધી વહે છે. એના પર ભાખરાનાંગલ ડેમ બાંધવામાં આવેલો છે. સતલજ નદીનાં જળ પ્રદૂષિત થઈ રહ્યાં છે, પણ એને લંડનની થેમ્સ નદીની જેમ શુદ્ધ કરી શકાય. તિબેટથી નીકળીને છેક કરાચી સુધી વહેતી વિવિધ નદીઓના પ્રવાહને રોકવા તથા એ મુદ્દે મડાગાંઠ સર્જવા બાબત કોશિશો થતી રહે છે, પણ સિંધુ જળ સંધિ છે ત્યાં લગી એના ઉકેલની પ્રક્રિયા અખંડ રહેશે.

### અમરેલી જિલ્લામાં બે અપમૃત્યુના બનાવો

# બાબરાના વાંકીયાની સીમમાં પ્રૌઢનું તેમજ અમરેલીના કમીગઢની સીમમાં પ્રૌઢાનું ઝેરી દવા પીતા મોત નિપજયાં

## વાંકીયાના બનાવ અંગે બાબરા અને કમીગઢના બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં બાબરાના વાંકીયાની સીમમાં પ્રૌઢનું તેમજ અમરેલીના કમીગઢ ગામની સીમમાં પ્રૌઢાનું ઝેરી દવા પી જતાં મોત નિપજતાં જિલ્લામાં વધુ બે કમોતના બનાવો નોંધાયા છે. બાબરા તાલુકાના નિલવડા ગામે રહેતા દાનાભાઈ અમરાભાઈ ખીમસુરીયા ઉ.વ.૫૫ બાબરા તાલુકા વાંકીયા રોડ ઉપર તળાવની નીચે આવેલ વાડીમાં ધ્યાન રાખવા માટે ગયેલ હતાં અને થોડીવાર પછી તેના પુત્ર વિપુલભાઈ દાનાભાઈ ખીમસુરીયા વાડી ખેતરમાં ધ્યાન રાખવા માટે ગયેલ ત્યારે તેમના પિતાએ પોતે પોતાની મેળે ઝેરી દવા પીધેલ હાલતમાં સુતેલ હોય જેમને સારવાર માટે લઈ જતાં રસ્તામાં મોત નિપજયાનું વિપુલભાઈએ બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં અમરેલી તાલુકાના કમીગઢ ગામે મુળ એમ.પી.ના હાલ કમગીઢ સુરેશભાઈ હંસરાજભાઈ ગોજારીયાની વાડીમાં કામ કરતા ભુરીબેન કરણભાઈ ગણાવા ઉ.વ.૩૮ કોઈ કારણો સર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું પતિ કરણભાઈ ગણાવાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# રાજુલાના ધુડીયા આગરીયા નજીક ફોરવ્હીલે બાઇકને હડફેટે લેતા ઇજા

## બાઇક સાથે ભટકાવી ખંભાના ભાગે ફેકચર કરી અન્યને પગમાં ફેકચર કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના ધુડીયા આગરીયા ગામે પેટ્રોલ પંપથી થોડે આગળ બાલુભાઈ ભીમાભાઈ મોર ઉ.વ.૪૫ હાલ સુરત તથા તેમના ફુઈના દિકરા શંભુભાઈ નાનજીભાઈ હડીયા તા.૨૫-૨ના સાંજના બાઈક લઈને રાજુલાથી નવા આગવીયા ગામે જતાં હતાં. ત્યારે ધુડીયા આગરીયા ગામે આવેલ પેટ્રોલ પંપથી થોડે આગળ પહોંચતા એક સફેદ કલરની ફોરવ્હીલ જી જે ૦૫ આપી ૧૮૪૮ના ચાલક રાજુલાના અલ્પેશ મોહનભાઈ રવૈયાએ પુરઝડપે અને બેફિકરાઈથી માનવજીંદગી જોખમમાં મુકાઈ તેવી રીતે ચલાવી બાલુભાઈના બાઈક સાથે ભટકાવી ખભાના ભાગે ફેકચર કરી શરીરે નાની મોટી ઈજા કરી શંભુભાઈ નાનજીભાઈ હડીયાને બંને પગમાં ફેકચર કરી ગંભીર ઈજા કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કુંકાવાવમાં યુવતિએ પોતાના લગ્નની નોંધણી કરાવવા માટે ખોટુ સ્કુલ લિવીંગ સર્ટી રજુ કર્યુ

## બનાવટી સ્કુલ લિવીંગ સર્ટી સાચા તરીકે ઉપયોગ કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) મોટી કુંકાવાવમાં અરવિંદભાઈ દુલાભાઈ સંપટ ઉ.વ.૫૫ રહે. ડુંગર તા.રાજુલા વાળાની દિકરી હેતલબેન અરવિંદભાઈ સંપટ ઉ.વ.૨૦ એ પોતાના અસલ લિવીંગ સર્ટી જનરલ રજી.નં.૩૫૧૦ની જગ્યાએ પોતાએ પોતાના લગ્ન નોંધણી મોટી કુંકાવાવ ગ્રામ પંચાયતમાં તા.૧૯-૧-૨૪ના પોતાનું લિવીંગ સર્ટી જનરલ રજી.નં. ૪૫૧૦ વાળુ બનાવટી અને ખોટુ સ્કુલ લિવીંગ સર્ટી તલાટીમંત્રી મોટી કુંકાવાવ પાસે રજુ કરી અને સાચા સ્કુલ લિવીંગ સર્ટી તરીકે નોંધણીમાં ઉપયોગ કરી ગુનો કર્યાની વડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં રીક્ષામાંથી પડી જતા મોબાઇલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા લીમડી ચોકમાં નરેશનાથ મનસુખનાથ વૈરાગી પોતાની રિક્ષા પાછળની સીટમાં બેઠેલ હતાં અને રીક્ષા લઈ જતી વખતે જોયું તો પોતાનો વિવો કંપનીનો સીમ સાથેનો રૂા.૧૬,૯૯૦ની કિંમતનો મોબાઈલ પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી રોકડનગર પાસે રિક્ષા સાથે ફોરવ્હીલ અથડાતા ઇજા

## રિક્ષા સાથે ફોરવ્હીલ અથડાવી રિક્ષા પલ્ટી જતાં ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી રોકડનગર અક્ષરધામ સોસાયટી પાસે દિલીપભાઈ ખીમાભાઈ મારૂ પોતાની છકડો રિક્ષા જી જે ૧૪ યુ ૬૫૫૮ લઈને જતાં હતાં ત્યારે અક્ષરધામ સોસાયટી નજીક રસ્તો ઓળંગવા જતાં હતાં. ત્યારે ફોરવ્હીલ જી જે ૦૩ સીઆર ૨૬૫૯ના ચાલકે પોતાની ફોરવ્હીલ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષાના પાછળના ભાગે ટાયર સાથે ભટકાવતા રીક્ષા પલ્ટી મારી જતાં દિલીપભાઈને જમણા પગે તથા માથામાં ડાબી બાજુ ઈજા કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કુંડલામાં બુટ ચંપલના દુકાનદાર અને ગ્રાહક વચ્ચે મારામારી સર્જાઇ

## ઢીકાપાટુ તેમજ કમરપટા વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા પોસ્ટ ઓફિસ રોડ પાસે આવેલ ફેશન શુઝ નામની દુકાને મયુર આલકુભાઈ ખુમાણ પોતે ખરીદ કરેલ મોઝડી બદલવા જતાં દુકાનદારને સારૂ નહીં લાગતા ગાળો બોલી પીયુષ માધવાણી તથા અન્ય બે અજાણ્યા શખ્સોએ મુંઢ મારમારી ઢીકાપાટુ તથા કમર પટા વડે મારમારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે પિયુષભાઈ ભીખુભાઈ માધવાણીએ મયુર આલકુભાઈ ખુમાણ સામે જુની પહેરેલી અને વાપરેલી મોઝડી બદલી આપવાની ના પાડતાં ગાળો બોલી ઢીકાપાટુ અને મુંઢમાર મારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદમાં બાઇક અથડાવવા પ્રશ્ને બે જુથ વચ્ચે મારામારી

## હાથમાં પહેરવાનું કડુ તેમજ ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદમાં યોગેશ વાઘજીભાઈ બારૈયા ઉ.વ. ૩૫ના નાના ભાઈ કૈલાસભાઈ સાથે આરોપીનું બાઈક અથડાયેલ હોય જેથી યોગેશભાઈ ઠપકો આપવા જતાં ભાવેશ વાઘજીભાઈ બાંભણીયાએ ગાળો બોલી ઢીકાપાટુ વડે તેમજ હાથમાં પહેરેલ કડુ માથામાં મારી ઈજા કરેલ. વિશાલ વાઘજીભાઈ બાંભણીયાએ આડેધડ મુંઢમાર મારી ઈજા કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે રૈયાબેન વાઘજીભાઈ બાંભણીયાને લસુબેન યોગેશભાઈ તથા યોગેશ વાઘજીભાઈ બારૈયાએ ઢીકાપાટુ વડે આડેધડ મારમારી દિકરા ભાવેશભાઈને ઢીકાપાટુ વડે આડેધડ મારમારી ગાળો બોલી ધમકી આપ્યા જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ચલક ચાણુ ઓલે ઘેરે ભાણુની જેમ માત્ર ખો આપી ગ્રાહકોને કરાતાં પરેશાન

# ધારી એચડીએફસી બેન્કમાં કયુઆરકોડ માટે એક મહિના ધક્કા ખાવા છતાં કયુઆરકોડ મળતો નથી

## શરૂઆતમાં બેન્ક પ્રલોભન આપે છે પણ પાછળથી ગ્રાહકો સાથે રખાતી બેદરકારી

અમરેલી, એચડીએફસી બેન્ક દ્વારા શરૂઆતમાં ખાતુ ખોલાવવા કે અહીં કામગીરી માટે મીઠા વચનો અપાઈ છે. પણ હકીકતમાં ગ્રાહકોને પરેશાની સિવાય કશુ મળતુ નથી. માત્ર અહીંથી ત્યાં ધક્કા જ ખવડાવામાં આવે છે. ધારીમાં લેકવ્યુ રિસોર્ટ ચલાવતા હિતેષભાઈએ એક મહિનાથી કયુઆર કોડ માટે માંગણી કરી છતાં કોર્ડ અપાતો નથી અને અહીંથી ત્યાં જાવ ત્યાથી ત્યાં જાવ એમ માત્ર ખો આપવામાં આવે છે. પણ નકકર કામગીરી થતી નથી તેમ હિતેષભાઈએ જણાવ્યું હતું. બેન્કો સામે જવાબદારોએ કડક પગલા લેવા જોઈએ બેન્કના ગ્રાહકો પણ લેંઘી પ્રોસિઝરથી કંટાળી જાય તેવી સ્થિતિમાં યોગ્ય પ્રબંધ કરવા માંગ ઉઠી છે.

# અમરેલીમાં મહિલા તળપદા કોળી સમાજ દ્વારા ભવ્ય દ્વિતીય સમુહલગ્નોત્સવ યોજાશે

## લગ્નમાં જોડાવા માટે આયોજકો દ્વારા નામ નોંધણી કામગીરી શરૂ કરાઇ

અમરેલી,

અમરેલીમાં મહિલા તળપદા કોળી સમાજ દ્વારા તા.૯-૩-૨૪ના દ્વિતીય સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. લગ્નમાં જોડાવવા માંગતા કન્યાને મંડળ અને દાતાઓ તરફથી કરિયાવર આપવામાં આવશે. તથા લગ્ન વિનામુલ્યે રજીસ્ટ્રેશન અને સમુહલગ્ન સાત ફેરા રૂા. ૧૨૦૦૦ તથા કુંવરબાઈ મામેરા રૂા.૧૨૦૦૦ સરકારી યોજનાનો લાભ મળશે. લગ્નમાં ભાગ લેવા માંગતા માટે નોંધણી ચાલુ છે. આરતીબેન આર. ગોહિલ મો. ૯૪૦૪૩ ૧૩૬૪૪, પશોતમભાઈ મકવાણા મો. ૯૪૨૮૯ ૯૮૬૪૭, ધર્મેશભાઈ ડાભી ચિતલ મો. ૯૧૦૪૪ ૧૯૬૪૭નો સંપર્ક કરવો.

# સરસીયામાં જુના મનદુઃખના કારણે યુવાન ઉપર હુમલો કર્યો

## એક શખ્સે લાકડી વડે હાથે પગે મારમારી ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના સરસીયા ગામે મુકેશ નાનજીભાઈ મકવાણાની ભત્રીજીને તેના ગામનો દિપક ભગાડી લઈ ગયેલ હોય. જેમાં ભત્રીજીને ભગાડવામાં કિરણભાઈ જયંતિભાઈ દાફડા મદદ કરેલ છે તેવું માની અગાઉનું મનદુઃખ રાખી કિરણભાઈને લાકડી વડે ડાબા હાથે બાવડામાં તેમજ પગમાં આડેધડ મારી ધમકી આપ્યા ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# પીજીવીસીએલનાં નાયબ ઇજનેર શ્રી કાલાણીનું ભુરખીયામાં સાલ ઓઢાડી સ્મૃતિ ચિહ્નથી સન્માન



પીજીવીસીએલ ની સુંદર કામગીરી કરનાર નાયબ ઈજનેર કાલાણીનું શનિવાર અને પૂનમ નાં રોજ ભુરખીયા ટ્રસ્ટ અને ગામલોકો દ્વારા સાલ ઓઢાડી અને ભૂરખિયા દાદા નાં સ્મૃતિ ચિહ્ન અને સન્માન પત્ર દ્વારા સન્માન કરવામા આવેલ. આ સમયે નાયબ ઈજનેર કાલાણી સાહેબ દ્વારા ગામલોકો ને પ્રધાન મંત્રી સુર્યોદય યોજના અંગે વિગતવાર સમજણ આપવામાં આવેલ હતી. વીજળી ની બચત કરીને વીજ બીલ માંથી રાહત મળી શકે તેની સમજણ આપવામાં આવેલ હતી. ગ્રામજનો દ્વારા સારો પ્રતિભાવ મેળલો હતો અને સોલર કનેક્શન લેવાં માટે રજિસ્ટ્રેશન પણ કરવામાં આવેલ હતું તે તસવીરમાં નજરે પડે છે.

# હાપા જામનગરમાં સમસ્ત કોળી સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓનો વૈવિશાળ પરિચય સમારંભ યોજાશે

## જીવન સાથી પરિચય સમારંભમાં ભાગ લેવા અમરેલી કોળી શકિત યુવક મંડળનો સંપર્ક કરવો

અમરેલી, હાપા જામનગરમાં અમરેલી કોળી શકિત યુવક મંડળ દ્વારા ૬૬મો સમસ્ત કોળી સમાજના ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા ઉચ્ચ અભ્યાસ કરતાં લગ્નોત્સુક યુવક અને યુવતિઓનો કોળી સમાજનો વૈવિશાળ પરિચય સમારંભ તા.૧૭-૩-૨૪ને રવિવારના આયોજન કરેલ છે. આ જીવનસાથી પરિચયમાં ભાગ લેવા માંગતા યુવક અને યુવતિઓએ મંડળના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# ગારિયાધાર કોલેજમાં સાયન્સ પરિસંવાદ યોજાયો

ગારીયાધાર, (ચિરાગ ચાવડા)

ગારીયાધાર સાયન્સ કોલેજ ખાતે IQAC અને SSIP સેલના સંયુક્ત ઉપક્રમે KCG અને GUJCOSTના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાના સાયન્સ સિમ્પોઝીયમ 'The Role of Pure Science towards Viksit Bharat -૨૦૪૭ ' નું સફળ આયોજન કરવામાં આવેલ. ભાવનગર જિલ્લાની એક માત્ર સરકારી વિજ્ઞાન કોલેજ - ગારીયાધાર સને ૨૦૧૫થી એમ. ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે કાર્યરત છે. અંદાજિત રૂ. ૧૦ કરોડના ખર્ચે બનેલ કોલેજનું પોતાના મકાન તૈયાર છે તેમજ નવા સત્રથી કોલેજ પોતાના બિલ્ડીંગમાં કાર્યરત થવાની શક્યતા છે. કોલેજ ખાતે જી.પી.એસ.સી દ્વારા પસંદગી પામી નિમણૂંક પામેલ યુ.જી.સી મુજબની લાયકાત ધરાવતા અધ્યાપકોનો સ્ટાફ છે. તેમજ આટલા ટુંકા સમયગાળામાં તેમજ ખુબજ ઓછા સંસાધનો હોવા છતાં કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ખુબ સારા રેન્ક સાથે ઉત્તિર્ણ થાયેલ છે તથા પ્રોફેસર બનવા માટે ખુબજ અઘરી ગણાતી નેટ-જેઆરએફ અને જીસ્લેટ જેવી પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થઈ કોલેજનું નામ રોશન કરેલ છે. તેવામાં કોલેજ ખાતે કાર્યરત IQAC અને SSIP સેલના સંયુક્ત ઉપક્રમે KCG, અમદાવાદ અને GUJCOST, ગાંધીનગરના સહયોગથી તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય કક્ષાના સાયન્સ સિમ્પોઝીયમ 'The Role of Pure Science towards Viksit Bharat -૨૦૪૭ ' નું સફળ આયોજન કરવામાં આવેલ. જેમાં Working Model Presentation, Poster Presentation, Innovative Idea Competition અને Expert Lectures એમ ચાર વિભાગમાં સમગ્ર સિમ્પોઝીયમનું વિભાજન કરવામાં આવેલ. Working Model Presentationમાં ૬૬ સ્પર્ધકો દ્વારા ૨૫ ર્ંગીનજ, Poster Presentationમાં ૧૨૯ સ્પર્ધકો દ્વારા 77 Posters, Innovative Idea સ્પર્ધામાં ૨૫ સ્પર્ધકોએ અને છાીહગીી તરીકે ૨૦૪ એમ કુલ મળીને આશરે ૫૦૦ આસપાસના અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, મહેસાણા, મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી જેવા શહેરોમાં આવેલી કોલેજોના વિદ્યાર્થીઓ / અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેમકે કેમિકલ સાયન્સ, લાઈફ સાયન્સ, ફિઝિકલ સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ, એગ્રીકલ્ચર, material સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રો પર Working Models, Posters, Innovative Ideas રજુ થયેલ. આ સિમ્પોઝીયમમાં અમદાવાદ Physical Research Laboratory ના સાયન્ટિસ્ટ ડૉ. વિશાલ જોશી બીજરુપ વ્યાખ્યાન આપવા પધારેલ અને વિજ્ઞાનની દ્રષ્ટિએ બ્રહ્માંડના રહસ્યો અને તેના ઉકેલ વિષય અંતર્ગત પોતાનું પ્રેરણાદાયી વકતવ્ય આપેલ.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૨૯.૨.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦, મહા વદ પાંચમ, ચિત્રા નક્ષત્ર, વૃદ્ધિ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.

મેષ (અ,લ,ઈ) : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
મિથુન (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
કર્ક (ડ,હ) :જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ ) : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
તુલા (ર,ત) : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય , સિફત થી કામ લેવું ગુસ્સા માં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
મકર (ખ ,જ ) : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
કુંભ (ગ ,સ,શ ) : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
મીન (દ ,ચ ,ઝ ,થ): અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૯૦ થી ૧૭૨૨ મગફળી ૧૧૨૬ થી ૧૨૮૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૭૫-૧૨૬૧
શિંગમોટી-૧૧૨૬-૧૨૮૯
મગ-
તલસફેદ-૨૨૧૦-૨૭૩૦
તલકાશ્મીરી-૩૯૮૦-૩૯૮૦
બાજરો-
ઘઉંટુકડા-૪૧૧-૬૭૩
ઘઉંલોકવન-૪૧૫-૫૧૨
એરંડા-૧૦૮૩-૧૧૦૮
ચણા-૯૦૨-૧૧૦૯
કપાસ-૧૦૯૦-૧૭૨૨
રાયડો-૮૫૮-૮૭૫
જીરૂ-૨૩૦૦-૪૮૭૦
ધાણા-૧૨૮૦-૧૮૫૦
સોયાબીન-૮૦૦-૮૩૬
તુવેર-૧૦૦૦-૧૮૯૩
મરચાલાંબા-૧૦૦૦-૪૫૨૫

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૬૦-૩૨૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૨૨૦-૩૦૦
કોબીઝ-૨૦૦-૨૮૦
ટમેટાં-૩૦૦-૪૫૦
વટાણા-૮૦૦-૮૮૦
ગાજર-૨૦૦-૨૫૦
કારેલા-૬૫૦-૭૦૦
ગલકા-૪૫૦-૫૨૦
કાકડી-૪૦૦-૫૫૦
ગુવાર-૧૦૦૦-૧૪૫૦
ચોળાલીલા-૭૦૦-૮૫૦
તુરીયા-૭૨૦-૮૦૦
ભીડો-૮૦૦-૯૦૦
આદુ-૧૭૫૦-૨૦૦૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૩૦૦-૪૦૦
ટીંડોરા-૪૫૦-૫૫૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૭૦૦-૯૦૦
લસણસુકું-૨૨૦૦-૩૨૦૦
લીંબુ-૨૦૦૦-૨૬૦૦
પાલક-૩૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૦-૫૧૦
જુવાર-૬૦૦-૮૭૮
ઘઉં-૪૫૦-૬૦૦
અડદ-૧૦૦૦-૧૦૦૦
ચણા-૧૦૩૧-૧૦૯૪
સોયાબીન--
જીરૂ--૪૭૦૧-૪૭૦૧
તુવેર-૭૫૦-૭૫૦
કપાસ-૧૧૧૧-૧૬૨૯
મકાઈ--૫૩૫-૫૩૫
રાય-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૪૧-૬૫૦
ડુંગળીલાલ-૧૩૦-૩૬૯
ડુંગળીસફદે-૨૧૮-૨૯૧
તલસફેદ--૨૫૫૫-૨૫૫૫
મગ-૧૪૨૦-૧૯૫૦
અડદ-૧૬૨૦-૧૬૨૦
ચણા-૯૨૮-૧૧૨૦
નાળીયેર-૪૪૬-૧૩૭૧
મકાઈ-
કપાસ-૧૨૯૬-૧૪૮૦
સોયાબીન-૭૨૫-૮૪૬

**બાબરા**
કપાસ-૧૨૯૦-૧૫૫૦
ધાણા-૧૧૧૫-૧૫૮૫
ચણા-૧૦૫૨-૧૧૦૮
ઘઉં-૪૯૫-૫૮૫
રાય-૧૦૪૫-૧૧૩૫
જીરૂ-૩૯૯૦-૬૦૦૦

મગફળી-

**ધારી**
કપાસ-૧૨૯૦-૧૪૧૫
મગફળી--
બાજરો-
સોયાબીન-૭૨૫-૮૨૧
ચણા-૮૯૧-૧૦૬૫
ઘઉં-૪૨૧-૪૬૧
જીરૂ--
સુર્યમુખી-
ધાણા-૧૨૦૧-૧૩૭૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૮૧-૧૩૧૧
તલસફેદ-૨૭૦૦-૨૮૦૦
જીરૂ-૩૨૦૦-૪૮૦૦
તુવેર-૧૫૨૦-૧૮૭૫
કપાસ-૧૫૦૦-૧૭૦૨
ઘઉં-૪૫૦-૫૦૦
જુવાર-૫૧૦-૮૧૦
ધાણા-૧૨૪૦-૨૮૭૫
ચણા-૧૦૦૦-૧૧૨૦
એરડી-૯૦૦-૧૦૫૦
મેથી-૯૪૦-૧૩૩૦

**ખાંભા**
કપાસ-૧૨૫૦-૧૪૫૦
મેથી-
ઘઉં-૫૩૦-૫૫૨
ધાણા-૧૨૮૦-૧૫૦૦
જુવારસફેદ
તુવેર-
જીરૂ-૫૦૦૦-૫૧૫૧
ચણા-૧૦૩૧-૧૦૭૭

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૬૦૧

રાયડો-
બાજરો-
ઘઉંલોકવન-૩૪૫-૪૯૪
ઘઉંટુકડા-૩૧૫-૪૭૮
તુવેર-
સોયાબીન-૬૧૫-૮૧૫
ધાણા-૯૯૭-૧૫૭૦
જીરૂ-
તલસફેદ-
રાય-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૯૦૦
દાડમ-૪૦૦-૧૫૦૦
મુસંબી-૪૫૦-૫૫૦
સંતરા-૮૦૦-૧૨૦૦
કીવી-૬૦૦૦-૭૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૬૦૦
બોર-૩૦૦-૫૦૦
કેળા-૫૦૦-૭૦૦
પોપૈયા-૩૦૦-૫૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૬૦૦-૩૪૦૦
અનાનસ-૧૧૦૦-૧૩૦૦
અંગુર-૫૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૪૦૪-૧૭૦૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૫
ન્યુનતમ તાપમાન ૧૮.૪
ભેજનું પ્રમાણ ૪૪
પવનની ગતિ સરેરાશ-.૩.૨

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજિટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ: સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૨૯-૨-૨૦૨૪ ગુરૂવાર

આસ્થા સ્કીન કલીનીક
ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606
ઉપલબ્ધ સારવાર
ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઇસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.
સંજીવની કોમ્પ્લેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦

BAJAJ FINSERV

આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાઠી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અમરેલીના માંડલિયા પરીવારમાં શુભ લગ્નોત્સવ યોજાયો

### શુભવિવાહ પ્રસંગમાં સાધુસંતો તેમજ સમસ્ત સમાજનાં આગેવાનોની ઉપસ્થિતી



અમરેલી,અમરેલીના માડલીયા પરીવાર દ્ગારા શુભવિવાહ પ્રસંગ યોજાયો હતો અમરેલી સમાજીક આગેવાન કોન્ટ્રાક્ટર શ્રી તુષારભાઈ બાબુભાઈ માંડલિયા ની સુપુત્રી. ચી. નેહાના શુભવિવાહ ધંધુકા ના સામજિક આગેવાન શ્રી રામસિગભાઈ ચૌહાણ ના પુત્ર ચી. ડો હર્ષદ કુમાર સાથે તા ૧૮/૦૨/૨૦૨૪ને રવિવાર ના રોજ શુભવિવાહ પ્રસંગ યોજાયો હતો. આ પ્રસંગે સંતશ્રીખડખડ વેલનાથબાપુ ના મંદિર ના ગાદિપતિમહંતશ્રીસાઈનાથ બાપુ પ્લાસવા વેલનાથબાપુ ની ચૈતન્ય સમાધીના મહંતશ્રીસુંદરનાથ બાપુ એ આશીર્વાદ આપ્યા હતા સાથે સાંસદશ્રીઓ ધારાસભ્યશ્રીઓ એ શુભકામનાઓ પાઠવી હતી તેમજ જીલ્લા પંચાયત ના સદસ્યો સરપંચો કોન્ટ્રાક્ટરો સાથે સૌરાષ્ટ્ર ભરના સમાજ ના આગેવાનો હાજરી આપી હતી તેમજ તુષારભાઈ માંડલીયા અમરેલી ના પ્રસંગ ની શોભા વધારી હતી.

## શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અમરેલી દ્વારા સંચાલિત

# અમરેલી ગજેરા કેમ્પસમાં વિજ્ઞાન મેળો યોજાયો

### ગજેરા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક સ્કુલના સંયુકત ઉપક્રમે આયોજન : બાળકોએ કૃતિઓ રજુ કરી



અમરેલી, શ્રીમતીશાતાંબેનહરિભાઈ ગજેરાપ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ અંગ્રેજી, ગુજરાતી અને મિશ્ર માધ્યમના સંયુકત ઉપકમે વિજ્ઞાનમેળો-૨૦૨૪ શાળાના પ્રાંગણમાં આજરોજ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળવિજ્ઞાનિકો દ્વારા વિવિધ મોડેલ, પ્રોજેકટ, મેથ્સ પઝલ વગેરે કૃતિઓરજુકરીઆમંત્રિતમહેમાનોનેપોતાની કલા, કૌશલ્ય અને પ્રતિભાથી મંત્રમુગ્ધ કર્યા હતાં. આ વિજ્ઞાનમેળામાં ઔષધિઓ, પર્યાવરણ, ગણિત કોયડાઓ, અંધશ્રધ્ધા નિર્મૂલન, સ્વચ્છતા, અકસ્માત નિવારણ, વૃક્ષોનું મહત્વ, વરસાદી પાણીનો સંગ્રહ, આધુનિકખેતી, સોલરસીસ્ટમ, પવનચકકી, રોબોટીક ટેકનોલોજી, અંતરિક્ષયાન વગેરે થીમ આધારીત પ્રોજેકટસ રજુ કર્યા હતાં.આ વિજ્ઞાનમેળામાં વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે અમરેલી અમરડેરી ના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લાશિક્ષણઅધિકારીશ્રીએમ.બી.ગોહિલ, અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના ચેરમેનશ્રી તુષારભાઈ જોષી, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડીયા, અરજણભાઈ કોરાટ, કાળુભાઈ સુહાગીયા, એ.બી.કોઠીયાસાહેબ, મંત્રીશ્રીચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટીશ્રી ખોડાભાઈ સાવલીયા, ટ્રસ્ટીશ્રી ગોવિંદભાઈ ગોંડલીયા, કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહી વિદ્યાર્થીની મહેનતને બિરદાવી હતી. તેમજ શાળાના વિજ્ઞાન અને ગણિતના શિક્ષકશ્રીઓ, આચાર્યશ્રીઓ, અન્ય દિપ પ્રાગટય કરી, સરસ્વતીમાતાને વંદના કરી આ વિજ્ઞાનમેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સ્ટાફગણ સુપરવાઈઝરશ્રીઓ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી વિજ્ઞાનમેળો સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી. આ વિજ્ઞાનમેળામાં ૧૫૭જેટલાં જુદી-જુદી થીમ આધારિત પ્રોજેકટસ મુકવામાં આવ્યા હતાં. જેમાં ૫૦૦ જેટલાં વિદ્યાર્થીએ પોતાની કૃતિ સાથે ભાગ લીધો હતો અને ૭૫૦૦ સ્કૂલ-કોલેજનાં વિધાર્થીઓએ આ વિજ્ઞાનમેળાની ફતિઓ નિહાળી હતી. આ તકે સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, સંસ્થાના મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝર શ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીઓ શિક્ષણક્ષેત્રે દેશને પ્રગતિના પંથે દોરી જઈ મહાન રાષ્ટ્રના નિર્માણ માટે સહયોગ આપે તેવી હદયપૂર્વક શુભકામના પાઠવી હતી.

## બેંકનો સમય ચાર વાગ્યે પૂર્ણ થયા બાદ પણ ગ્રાહકોને બેસાડી રખાય છે ?

# રાજુલા એસબીઆઇમાં કોઈ સ્ટાફ રજા ઉપર હોય ત્યારે ગ્રાહકોને વધતી ભારે મુશ્કેલીઓ

### બેન્કમાં બારી પણ વધારતા નથી અને બેંકમાં સ્ટાફની ઘટને કારણે પણ ગ્રાહકો કાયમી ધોરણે હેરાન પરેશાન

રાજુલા,રાજુલા એસબીઆઈ બેન્કમાં છેલ્લા ઘણા સમયથી બેજ બારી કાર્યરત છે અવારનવાર બીજી બારીઓ શરૂ કરવામાં આવે તેવી માંગણી ઉછવા પામી છે આજે બેંકનો સમય ચાર વાગ્યે પૂર્ણ થયા બાદ પણ ગ્રાહકોને બેસાડી રાખવાની ફરજ પડી હતી જાણવા મળતી વિગત મુજબ રાજુલા એસબીઆઈમાં કાયમી માટે બે બારીઓ ખુલી હોય છે અહીં પેન્શનરો નોકરિયાતો તેમજ ધંધાર્થીઓ પૈસા નાખવા આવતા હોય છે પરંતુ લાંબી કટારો લાગતી હોય છે આજે એક કર્મચારી રજા હોવાથી એક જ કર્મચારીએ આખી બેન્ક નો વહીવટ કર્યો હતો સ્ટાફ હોવા છતાં પણ કેસબારી ઉપર અન્ય સ્ટાફ મૂકવામાં નહીં આવતા સાંજે ચાર વાગ્યા સુધી ગ્રાહકોની કતાર લાગી હતી અને પરિણામે બધાની સ્લીપ લઈ અને વારાફરતી એક એક વ્યક્તિને પૈસાની લેવડ-દેવડ કરવામાં આવી હતીત્યારે રાજુલા એસબીઆઈ બેન્ક માં બારીઓ વધારવામાં આવે તેમ જ રજાના દિવસે અન્ય સ્ટાફને કેસ બારીમાં મૂકવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે

# અમરેલી નજીક ગાવડકા ગામે સર્વેનં. ૨૬૪ની જમીનમાં વિઠલપુર માટે પ્લોટ નિમ કરવા માંગ

### અમરેલીના કલેકટરને પત્ર પાઠવી રજુઆત કરતા આગેવાનો

અમરેલી,
અમરેલી તા.બે.ના ગાવડકા ગામની સર્વેનં. ૨૬૪ એકની જમીન વિઠલપુર ગામના મફત પ્લોટ માટે નિમ કરવા વિઠલપુરના આગેવાન માનસુરભાઈ હરિભાઈ મકવાણાએ કલેકટરને પત્ર પાઠવી જણાવ્યું છે કે વિઠલપુર ગામમાં વરસાદી પાણી હરિજનવાસ તથા પ્લોટ વિસ્તારમાં આવે છે સરકાર સહાય પણ આપે છે અંદાજે ૧૫૦ મકાનો આવેલ છે. અવારનવાર મફત પ્લોટ ફાળવવા અરજી કરેલ હોય છતાં કોઈ સાંભળતું નથી. ખોટા રીપોર્ટો રજુ કરે છે અને માંગણી રદ કરવામાં આવે છે. અહીં સર્વેનં. ૧૬૪એકમાં ૭હેકટર જમીન અમરેલી દુધ સંઘ દ્વારા માંગવા આવી છે અને અરજીનો નિર્ણય લેવાશે દુધ મંડળીને જમીન આપે તેમાં અમને કોઈ વાંધો નથી પરંતુ અમોએ મફત પ્લોટની માંગણી કરેલ છે. તેથી યોગ્ય લાવવા અને જમીન ફાળવા માણસુરભાઈ હરિભાઈ મકવાણાએ માંગ કર્યાનુ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ડો. જીવરાજ મહેતા પોલીટેકનિક ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ

# અમરેલીના ભરતી મેળામાં ૨૩૦ બેરોજગારોની પસંદગી

### મેગા પ્લેસમેન્ટ કેમ્પનું અમરેલી જીવરાજ મહેતા પોલિટેકનિકમાં થયેલું આયોજન : ભરતી મેળામાં ૨ લાખ ૪૦ હજારથી વધુના પેકેજની ઓફર કરાઇ : પ્લેસમેન્ટ ફેર ૨૦૫ વિદ્યાર્થીઓ જોડાયા



અમરેલી,
વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તરત જ તેમના કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારીની પ્રાપ્તિ થાય એ હેતુ ને સાર્થક કરવા રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજો ખાતે અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તક ઉપલબ્ધ થાય તે હેતુથી અમરેલી ખાતે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા કમિશનરેટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગાંધીનગર અને કે.સી.જી. અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે અમરેલી જિલ્લા, ઝોન ૫, નોડ ૮ ના મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૪ નું નોડલ સંસ્થા ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલીટેકનિક અમરેલી દ્વારા સફળ આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત કંપનીઓના પ્રતિનિધિઓ તેમજ નોડલ ઓફિસર શ્રી બી. પી. રાવલ દ્વારા કરવામાં આવી હતી. કોર્ડીનેટર શ્રી એમ ડી કાકડિયા દ્વારા પ્લેસમેન્ટ ફેર ની રૂપરેખા આપી વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમ થી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી ઈન્ટરવ્યુ આપવા માટે જોડાયા હતા. પ્લેસમેન્ટ ફેરમાં જિલ્લાની નામાંકિત ૧૧ જેટલી કંપનીઓ ઉત્સાહભેર જોડાઈ મહત્તમ ૨૪૦૦૦૦/-થી વધુના સેલેરી પેકેજ ઓફર થયું હતું. પ્લેસમેન્ટ ફેર માં કૂલ ૨૦૫ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા તેમાંથી દરેક વિદ્યાર્થીઓને પાંચ અલગ અલગ કંપનીમાં બેસવાની પરમિશન અપાઈ હતી આ રીતે કુલ ૩૫૦ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ બાદ આખરે ૨૩૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી.

અમરેલી જિલ્લાના મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૪ને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ કોર્ડીનેટર શ્રી આર પી બોરીસાગર, કે ડી રામાનુજ, એન વી પીઠડીયા, એચ જી ડાંગર, આર એ નિમાવત, વી એમ હોથી તથા પોલિટેકનિક સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## તંત્ર દ્વારા આખ આડા કાન કે મીલી ભગત ?

# બગસરાના મોટા મૂંજીયાસર પાસે આડેધડ વૃક્ષોનું છેદન

### મોટા મુજીયાસર ગામના સરપંચની મિલી ભગત હોવાના આક્ષેપો



બગસરા,(સમીર વિરાણી)બગસરા ના મોટા મુંજીયાસાર ગામ નજીક જંગલ ખાતા ની હદ હોવાથી અનેક પ્રકારના વૃક્ષો આવેલા છે ત્યારે આ વૃક્ષોનું છેલ્લા ૧૫ દિવસ થયા બેફામ રીતે છેદન કરવામાં આવી રહ્યું છે ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા જંગલ ખાતા ને જાણ પણ કરવામાં આવેલી હતી પરંતુ જંગલ ખાતા દ્વારા એવું કહેવામાં આવ્યું કે આ અમારી પ્રીમાયસી નથી અને ગ્રામ પંચાયત અને સરપંચ દ્વારા મંજૂરી લીધેલી હોય એવું અમને લોકોને જાણવા મળેલ છે પરંતુ આ રક્ષિત વૃક્ષો કાપવાની મંજૂરી કોણે આપી તેનું હજી સુધી કોઈ ખુલાસો આવેલ નથી અને પરમિશન હોય તો પણ ફકત ગાંડા બાવળને જ કાપવામાં આવે છે જ્યારે અહીં દેશી બાવળ તેમજ બીજા અન્ય રક્ષિતવૃક્ષો ને પણ કાપી નાખવામાં આવેલ છે અને બારોબાર વેચી મારવામાં પણ આવેલ છે જ્યારે આ બાબતે મુંજીયાસર સરપંચ જયસુખભાઈ ને આ બાબતે પૂછતા તેમણે જણાવેલ કે મને આ બાબતે મને કાય ખબર નથી જ્યારે આ બાબતે જંગલ ખાતા માં પૂછતા તેમણે જણાવેલ કે આ આમારામાં નથી આવતું આ રેવન્યુ માં આવે અથવા તો ગવચર માં આવે છે એટલે અમે કોય કાર્યવાહી ના કરી શકીએ .જ્યારે આ બાબતે મામલદાર ને પૂછતા તેમણે જણાવેલ કે જો આ ગૂનો સાબિત થાય કે પછી એને રંગે હાથે પકડવામાં આવે તો તેને વુક્ષ છેદન ના નિયમ મુજબ તેના પર કેશ કરી દંડ ની જોગવાઈ કરવામાં આવે છે પરંતુ તપાસ કરવામાં આવે તો આવા લોકો ઉપર કાયદેસર ની કાર્યવાહી થય શકે. જ્યારે સરકાર દ્વારા વૃક્ષોને વાવવા અને તેનું જતન કરવા લોકો ને પ્રેરણા આપે છે જ્યારે બીજું બાજુ આવા સરકાર ના તાયફાનો ઉલાલિયો કરતું તંત્ર પોતાના ખીચ્ચા ભરવા માટે બે ફામ વૃક્ષો નું છેદન કરી રહી છે અને પર્યાવરણપ્રેમી જનતા ની લાગણી ને ઠેશ પહોચાડવામાં આવે છે તો સરકાર શ્રી અને તંત્ર ને વિનંતી કરવામાં આવે છે કે આવા લોકો જે બેફામ વૃક્ષો ને કાપી રહ્યા છે તેના પર કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે

# અમરેલી શહેરના માધવનગરમાં ટાઇફોડના કેસોમાં ચિંતાજનક વધારો થતા પગલા ભરો

### રોગચાળો વધુ ન વકરે તે માટે આરોગ્ય તંત્ર જાગે તેવી માંગણી કરતા ભાજપના શ્રી ભરત મકવાણા



અમરેલી,
અમરેલીના લાઠી રોડ પર આવેલ પ્રમુખ સ્વામીનગર તથા માધવનગરમાં ટાઈફોડના કેસોમાં ચિંતાજનક વધારો થતા તંત્ર જાગે અને વહેલાસર તકેદારીના પગલા ભરે જેથી રોગચાળો ન વકરે સોસાયટીમાં ચાર જણાને ટાઈફોડની ગંભીર અસરો થયેલી તેથી આરોગ્ય તંત્રએ પ્રબંધ કરવા ભાજપનાં શ્રી ભરત મકવાણાએ માંગ કર્યાનું જણાવ્યુ છે.

## ખુંટવડા પાસે ઢોરને બચાવવા જતા અકસ્માતમાં વેપારીનું મોત : યુવાનને ઇજા

# રાજુલામાં વિજ્ઞાન દિવસ નિમિત્તે બાળકો દ્વારા વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું

### સરસ્વતી સ્કુલના બાળકોએ કૃતિઓ રજૂ કરી



રાજુલા,
રાજુલા શહેરમાં સરસ્વતી સ્કૂલ ખાતે આજે વિજ્ઞાન દિવસ નિમિત્તે બાળકો દ્વારા કૃતિઓ રજૂ કરવામાં આવી હતી અને વિજ્ઞાન દિવસની ઉજવણીઓ કરવામાં આવી હતી જેમાં બાળકો દ્વારા બાળ વૈજ્ઞાનિકો અને વિજ્ઞાનને સંબંધિત અલગ અલગ કૃતિઓ રજૂ કરી હતી જેને વાલી હોય અને આગેવાનોએ શાળા સ્ટાફે નિહાળી હતી.

## જાગ્રુત અને સતત કાર્યશીલ ધારાસભ્યશ્રીના પ્રયાસોથી

# રૂ.૧.૮૦ કરોડ ના ખર્ચે માલવીયા પીપરીયા-દુધાળા બાઈ એપ્રોચ રોડનું ખાત મુહુર્ત કરાયું

### એપ્રોચ રોડ નવનિર્માણ પામશે : કામગીરી ટૂંક સમયમાં શરૂ કરાશે



અમરેલી,
લાઠી તાલુકાના મા.પીપરીયા તેમજ દુધાળા બાઈ એપ્રોચ રોડ બનાવવામાં આવનાર છે જેનો ખાતમુહુર્ત કાર્યક્રમ વિધિવત રીતે લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો માર્ગ અને મકાન વિભાગની રૂપિયા ૧.૮૦ કરોડના અનુદાનની રકમમાંથી મા.પીપરીયા તેમજ દુધાળા બાઈ એપ્રોચ રોડ બનાવવામાં આવશે આ બંને એપ્રોચ રોડની કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે બંને ગામોમાં ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે આ બંને ગામો મા એપ્રોચ રોડ બનવાથી આ વિસ્તાર ના લોકો તેમજ વાહન ચાલકો ને મુશ્કેલીનો સામનો કરવો પડશે નહિ અને હવે આ રોડ બનાવવાની કામગીરી શરૂ થશે એટલે ગ્રામજનોના વર્ષો જુના રોડ બનાવવાનું સ્વપ્ન સાકાર થશે અને વાહન ચાલકો ને પણ મુશ્કેલી નહી પડે.

